# આજે રાજયભરમાં ડૉક્ટરો બ્લેક-ડે પાળશે

## ગુજરાતના ૨૫ હજારથી વધારે તબીબો જોડાશે : હવે એમસીઆઇને વિખેરી નેશનલ મેડિકલ કાઉન્સીલની રચનાના વિરોધમાં હડતાળ પડાશે : તબીબોની આક્રમક

અમદાવાદ,તા. ૧

મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા(એમસીઆઇ)ને વિખેરી તેના બદલે નેશનલ મેડિકલ કાઉન્સીલ બીલને પસાર કરવા કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલી તજવીજના વિરોધમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશને તેની સાથે સંકળાયેલા દેશભરના લાખો ડોકટરોની આવતીકાલે પ્રતીકાત્મક હડતાળનું એલાન આપી બ્લેક ડે મનાવવાનું જાહેર કર્યું છે. ઈન્ડિયન મેડિકલ એસોસીએશન સાથે જોડાયેલા ગુજરાતના ૨૫ હજારથી વધુ ડોકટરો પણ આવતીકાલે પ્રતીકાત્મક એનએમસી બીલના વિરોધમાં રાજયભરમાં સવારે ૬-૦૦ વાગ્યાથી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી કામગીરીથી અળગા રહી હડતાળ પાડશે અને બ્લેક ડે મનાવી બીલ પરત્વે પોતાનો ઉગ્ર વિરોધ વ્યકત કરશે. આવતીકાલની હડતાળમાં રાજયની ૨૩ મેડિકલ કોલેજોના ૧૨ હજારથી વધુ મેડિકલ સ્ટુડન્ટ્સ પણ જોડાશે એમ અત્રે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન, ગુજરાત બ્રાંચના પ્રમુખ ભુપેન્દ્ર શાહ અને પૂર્વ પ્રમુખ યોગેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, આવતીકાલની ડોકટરોની અમારી હડતાળના કારણે દર્દીઓ અને તેના સગાવ્હાલાઓને અસર ના થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેથી ઈમરજન્સી સેવાઓ અને ક્રિટિકલ કેર સર્વિસીસ ચાલુ રાખવામાં આવી છે. ઈન્ડિયન મેડિકલ એસોસીએશન, ગુજરાત બ્રાંચના પ્રમુખ ભુપેન્દ્ર શાહ અને પૂર્વ પ્રમુખ યોગેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા અપાયેલા એલાનને પગલે આવતીકાલે ગુજરાત સહિત દેશભરના ડોકટરો પ્રતીકાત્મક હડતાળ પાડી બ્લેક ડે મનાવશે.

કેન્દ્ર સરકાર દ્વારા જે એનએમસી બીલ લાવવાની તજવીજ થઇ રહી છે તે દર્દીઓ અને તબીબી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના હિત વિરોધી અને ભ્રષ્ટાચારને ઉત્તેજન આપનારું છે. આ બીલ સરકારની આપખુદશાહી અને સરમુખત્યારશાહીનું પ્રમાણ છે. દેશભરના ડોકટરો આ બીલના વિરોધમાં છે. આગામી દિવસોમાં ઈન્ડિયન મેડિકલ એસોસીએશનની સૂચના પ્રમાણે આંદોલનાત્મક રણનીતિ તૈયાર કરવામાં આવશે એમ સેક્રેટરી ડો.કમલેશ સૈની અને ઉપપ્રમુખ તુષાર પટેલે ઉમેર્યું હતું.



**જવાબદાર કોણ..?** મહેસાણા તાલુકામાં આજે ૧૫૦ ઉપરાંત અપર સહિત સરકારી પ્રાથમિક શાળાઓના હજારો બાળકો મધ્યાહન ભોજનથી વંચિત રહ્યા હતા. ૧લી જાન્યુઆરી-૨૦૧૮થી બાળકોને નવા મેનુ સાથે ભોજન તેમજ નાસ્તો આપવાનું ફરમાન સંચાલકોને કરાયું હતું. આ નિર્ણયથી નારાજ સંચાલકોએ આજથી મધ્યાહન ભોજન યોજનાના કાર્યથી અગળા રહેવાનો નિર્ણય લીધો હતો. આ મામલે સંચાલકોએ કલેકટર કચેરીએ નિર્ણય પરત લેવા આવેદનપત્ર પણ આપ્યુ હતુ. જો કે, આ મામલે સરકારી તંત્ર તરફથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં પણ ન આવતા આજે હજારો બાળકોને મધ્યાહન ભોજનથી વંચિત રહેવાનો વારો આવ્યો હતો. સરકાર તેમજ સંચાલકો વચ્ચેના વિવાદના કારણે મધ્યાહન ભોજન કેન્દ્રો શાળામાં બંધ રહ્યા હતા. આ સ્થિતિ પાછળ જવાબદાર કોણ તે પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

# ૪થી જાન્યુઆરીએ કોંગ્રેસ કારોબારી અને કાર્યકર સંમેલન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીની તૈયારીઓ અને રાજકીય સ્થિતિની સમીક્ષા માટે ૪થી જાન્યુઆરીએ જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી સમિતિની બેઠક મળશે.

આ બેઠક બાદ યોજાયેલા કાર્યકર સંમેલનમાં જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા બનેલા ત્રણેય ધારાસભ્યોનું અભિવાદન પણ કરવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના નવનિર્વાચિત ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલનો સત્કાર સમારંભ તેમજ તાલુકા પંચાયત ગાંધીનગર અને માણસા નગરપાલિકાની આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં વિજય મેળવવાના મુખ્ય એજન્ડા સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પદે તેમજ પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો-જિલ્લા નિરીક્ષકશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં આગામી તા. ૪-૧-૨૦૧૮ના રોજ સવારે ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સે-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં મહામંત્રી અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યું છે.

# 'પદ્માવતી'નાં ગીતને લઈ રાજપૂત સંગઠન દ્વારા કાંકરેજ જિલ્લામાં વિરોધ

કાંકરેજ,તા.૧

સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'પદ્માવતી'નો સમગ્ર ભારતમાં રાજપૂત સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહયો છે. જેને લઈને કાંકરેજ જીલ્લામાં પણ રાજપૂત સંગઠન દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવી રહયો છે. ફિલ્મનાં વિરોધ અંતર્ગત રાજપૂત સમાજનાં યુવાનો કાંકરેજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. આ આવેદનમા તેમણે સાફ જણાવ્યું છે કે, શાળાઓમાં 'પદ્માવતી' ફિલ્મનાં ગીતો પર ડાન્સ ના કરવામાં આવે તેવું સ્પષ્ટ જણાવ્યું છે.

તેમને જણાવી દઈએ કે, 'પદ્માવતી' ફિલ્મના પ્રોડયુસર સંજયલીલા ભણસાલી દ્વારા બનાવાવમાં આવેલ છે. જેનો સખ્ત વિરોધ સમગ્ર ભારતભરમાં ચાલી રહયોછે. રાજપૂત યુવા સંગઠન દ્વારા કાંકરેજ જીલ્લામાં ફિલ્મનો આક્રમતાથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. યુવા સંગઠન દ્વારા ફિલ્મના પ્રોડયુસર સંજયલીલા ભણસાલી પર આક્રોશ વ્યકત કર્યો હતો.

સંજય લીલા ભણસાલીની આ ફિલ્મમાં અભિનેત્રી દીપિકા પાદુકોણે રાણી 'પદ્માવતી'ની ભૂમિકા ભજવી છે સાથે જ રણવીર સિંહ અને શાહીદ કપૂર પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં છે.



**ખેડબ્રહ્મામાં નવીન પધ્ધતિથી કચરીયું...**

શિયાળાની જમાવટ સાથે જ ઉર્જા પૂરી પાડવાનુકામ વાસણા કરતા હોય છે એવુ કહેવાય છે શિયાળામા સૂકા મેવાના વસાણા ખાઓ તો બારે માસ સુધી તમારા શરીરમા ઉજાગર નો સંગ્રહ રહેતો હોય છે ત્યારે વાસણા મા તલનૃ કચરિયૃ માણસ માટે શકિતવધક અને ઉડાવીમાં નામે આવે છે કોરિયા બનાવવા આધુનિક સમયમાં મશીનનો ઉપયોગ થતો હોય છે ત્યારે આજે પણ જૂની પદ્ધતિ સચવાઇ રહી છે જેને ઘાચિ ની ઘાણી કહીએ છીએ પથકમા પ્રથમવાર ઘણીવાર પિલણકરી કચરિયુ વેચાણ માટે આવ્યુ છે ઘાચીના બળદથી ઘાણીમાં કચરિયુ બનાવી રહયા છે. પથકમાં રાજસ્થાની તૈલી ઘાંચી પરિવારો પાટણ પથકમા રોજગાર અર્થે આવ્યા છે તેઓ તલ ગોળ સુકો મેવા ગરમ મસાલો નાખીને લાકડા ની બનેલ ઘાણીમાં નાખે છે અને બળદ તેને પિલીને કચરિયૂ બનાવે છે. જોકે મોટા શહેરો મા કચરિયૂ બનાવવા માટે મશિન નો ઉપયોગ થતો હોવાથી તેમા મીઠાશ ઓછી હોય છે જ્યારે દેશી પધ્ધતિ થી બનાવેલ કચરિયૂ સ્વાસ્થ માટે ફાયદાકારક હોય છે હવે નવીન શોધ મા બાઈકથી ઘાણી ચલાવવાની પધ્ધતિ અપનાવી રહ્યા છે.

# મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમવાર કચ્છની મુલાકાતે મુખ્યમંત્રી, કન્યા વિદ્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું

કચ્છ,તા.૧

વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી તરીકે બીજી વખતનો કાર્યભાર સંભાળ્યા બાદ આજે રાજયના મુખ્યમંત્રીશ્રીએ નવા વર્ષના પ્રથમ દિવસે કચ્છની



મુલાકાતે આવી પહોચ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કચ્છના માંડવીનાં પિયાવા ખાતે સ્વામિનારાયણ મંદિર સંચાલિત કન્યા વિદ્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

સ્વામીનારાયણ સમ્પ્રદાય દ્વારા પિયાવા ખાતે ૯ એકર વિસ્તારમાં ૧૮ કરોડના ખર્ચે અત્યાધુનિક કન્યા વિધાલયનું સંકુલ ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સ્વામીનારાયણ સમ્પ્રદાયના કોશ્લ્યપ્રસાદ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમને જણાવી દઈએ કે, આ કન્યા વિદ્યામંદિરમાં ૧૨૦૦ વિદ્યાર્થીનીઓ આધુનિક અને કોમ્પ્યુટર લેબ સહિતની સુવિધાઓ સાથે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવી છે.

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્વામીનારાયણ કન્યા વિદ્યાલય સંકુલની મુલાકાત લીધી હતી અને સ્વામીનારાયણ સસ્થા સમાજલક્ષી કામગીરી બિરદાવી હતી. સાથેજ તેમણે સાક્ષરતા પર ભાર આપતા કહ્યું કે, આગામી દિવસોમાં ૧૦૦ ટકા સાક્ષરતા પ્રમાણ થાય તે દિશામાં રાજય સરકાર કામ કરી રહી છે. ગુજરાતના વિકાસમાં સ્વામીનારાયણ સંસ્થા યોગદાન રહ્યું છે અને સંસ્થા શિક્ષણ સાથોસાથ આરોગ્ય અને સમાજલક્ષી કામ કરી રહી છે. મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે પ્રથમ કન્યા વિદ્યાલયનું ઉદ્ધાટન કાર્યકમમાં હાજરી આપી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. જોકે, સરકારી શાળાઓમાં શિક્ષક ઘટ મામલે વિજય રૂપાણી કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું.



થરાદના ભોરડુ પાસે જીપડાલું પલ્ટી ખાતાં ત્રણને ઈજા સેન્ટીંગનો સામાન ભરેલ ડાલું પલ્ટી ખાતાં દુર્ઘટના સર્જાઇ થરાદ ધાનેરા રોડ પર રવિવારની સાંજના સુમારે ય્ન્ન ૧૭૦ ૮૫૦૨ નંબરનું સેન્ટીંગનાં લાકડાં ભરેલું એક જીપડાલું અચાનક વળાંકમાં પલ્ટી ખાઇ ગયું હતું. આથી તેમાં બેઠેલ ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. જે પેકી બે ઈજાગ્રસ્તોતો અન્ય વાહન મળતાં તેમાં સારવાર માટે થરાદની નડેશ્વરી હોસ્પીટલમાં ખસેડાયા હતા.

### હિરેનનું ગત ૨૩ મી ડિસેમ્બરે થયું હતું અપહરણ

# મહેસાણામાં નવ દિવસથી ગુમ નવ વર્ષના બાળકોના મૃતદેહ સ્કૂલમાંથી મળ્યો

મહેસાણા,તા. ૧

મહેસાણાના ચીકણા ગામના ગુમ વિદ્યાર્થીનો મૃતદેહ ૯ દિવસ બાદ શાળાના મેદાનમા દટાયેલો મળ્યો હતો. ૯ વર્ષના માસૂમ બાળકની હત્યા કરાયેલી લાશ તેની જ શાળાના મેદાનમાં દાટેલી હાલતમા મળી આવતા વિદ્યાર્થીઓના વાલીઓમાં ભયનો માહોલ પ્રવર્ત્યો છે.

મળતી માહિતી પ્રમાણે સતલાસણાના ચીકણા ગામમાં ધોરણ ત્રણમાં ભણતા ૯ વર્ષના માસૂમ હિરેનનું અઠવાડિયા પહેલા અપહરણ થયું હતું. અપહરણને લઈ પરિવારજનો ચિંતિત બન્યા હતા. આ અંગે પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના પગલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ દરમ્યાન રવિવારે સાંજે ગામની શાળાના મેદાનમા એક ફૂટના ખાડામાંથી નવ વર્ષના માસૂમ હિરેનની લાશ મળી આવી હતી. લાશ પર પથ્થર મુકેલા હતા અને મોડી સાંજે મહેસાણાથી ડોગ સ્ક્વોડની ટીમ ગામમાં પહોંચીને હત્યાના પગેરું શોધવા કામે લાગી હતી.

સતલાસણાના ચીકણા ગામમાંથી ૯ વર્ષના બાળક હિરેન બાબુજી ઠાકોરનું ગત ૨૩ મી ડિસેમ્બરે અપહરણ થયું હતું. જેને લઈને પોલીસ પંથકમા તાપસ લાગી હતી ત્યાં તપાસ કરતી પોલીસે ગામની શાળાના વિવિધ રૂમ સંકુલમા રવિવારે તપાસ કરી હતી. જેમાં મેદાનના પટ્ટામા એક ભાગમા એક ફૂટ દાટેલી હાલતમા હિરેન મૃત હાલતમા મળતા હત્યાને લઈને પંથકમા અરેરાટી પ્રસરી હતી.



# અણસોલ ગામ નજીક વિદેશી દારૂની ખેપ મારતો ખેપિયો ઝડપાયો

૩૧ ફર્સ્ટ ડિસેમ્બર ની ઉજવણીમાં દારૂબંધીના કાયદાનો ચુસ્ત અમલવારી કરવા અપાયેલ સૂચના મુજબ રતનપુર ચેકપોસ્ટ નજીક સઘન પેટ્રોલિંગ હાથ ધરાતા રવિવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે અણસોલ ગામની સીમમાંથી થેલા સાથે પસારથતા લક્ષ્મણસીંગ ચૌધરી (રહે,મનોરવિલા,નવા નરોડા,અમદાવાદ) ને અટકાવી થેલામાં તપાસ કરતા થેલામાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની જુદી જુદી કંપનીની બોટલો નંગ-૧૪ કીં.રૂ.૭૦૦૦/-નો જથ્થો ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલ ના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

# અરવલ્લીના બાયડ ન.પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખને સસ્પેન્ડ કરાયા

અરવલ્લી,તા.૧

અરવલ્લીના બાયડ નગરપાલિકાના બળવાખોર પ્રમુખ અને ઉપપ્રમુખને સભ્યપદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભાજપમાંથી બળવો કરનાર અરવિંદ પ્રજાપતિ અને જ્યોતિકા પટેલ સામે પક્ષાનતર ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રમુખ અને ઉપપ્રમુખ સામે કરવામાં આવેલી કાર્યવાહીના પગલે સ્થાનિક રાજકારણમાં ખળભળાય મચી ગયો છે.

**ઠંડી...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ૭ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ વિલંબિત થઈ ગયા છે જ્યારે એકએ ફ્લાઇટ રદ કરી છે. ધુમ્મસને કારણે દિલ્હીમાં આવતા ૨૨૦ ફ્લાઇટ્સ પર અસર થઈ છે. રનવે પર નબળી દશ્યતાને કારણે આઇજીઆઇ એરપોર્ટ પર ઓપરેશન સસ્પેન્શન સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

ગાઢ ધુમ્મસને લીધે, રેલ ટ્રાફિકનો પણ ખરાબ અસર થાય છે. ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે, તેથી મોટાભાગની ટ્રેનો તેમના નિયત સમયને કારણે વિલંબ થાય છે, જેના કારણે મુસાફરો સ્ટેશન પર ફસાયેલા છે. અગાઉ રવિવારે પણ, ધુમ્મસને કારણે, ૧૫૦ થી વધુ ફ્લાઇટ્સ વિલંબીત થઈ, જ્યારે આશરે ૫૦ જેટલી ફ્લાઇટ્સને બીજા રાજ્યના એર પોર્ટ પર લઈ જવામાં આવી હતી. રનવેની દ્રશ્યતાના અભાવને લીધે લગભગ ૨૦ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા મુજબ, રનવે પર લેવા માટે ઓછામાં ઓછી ૧૨૫ મીટરની દ્રશ્યતા જરૂરી છે.

ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડીના પગલે જનજીવન ખોરવાયુ છે. હવામાન વિભાગ પ્રમાણે, સોમવારે સવારે દિલ્હીનું તાપમાન ૫.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું. આ સીઝનનો આ સૌથી ઠંડો દિવસ રહ્યો. આ પહેલા ૨૪ ડિસેમ્બરે તાપમાન ૬.૩ માપવામાં આવ્યું હતું. આવનારા દિવસોમાં તેનાથી વધુ ઘટવાની થવાનો અંદાજ છે. પ્રદૂષણનું લેવલ રવિવારની સરખામણીએ થોડું ઓછું રહ્યું છે. બુધવારે વધુ ઓછું થવાનો અંદાજ છે. દિલ્હીબાદ ઉત્તરપ્રદેશના લખનઉ અને વારણસીમાં પણ ઠંડીનું પ્રમાણ વધ્યુ છે. ઠંડી સાથે ગાઢ ધુમ્મસથી જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યના અનેક શહેરોમાં હાડ થીડવતી ઠંડી પડી રહી છે. જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં પણ તાપમાનનો પારો ગગડ્યો છે.

**તોડી પડાશે...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટેની પ્રકીયા પણ હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે-૨૨ માં જ કક્ષાના ૯૦ મકાનો તોડવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. આ મામલે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. આ ઉપરાંત સે-૨૮ માં ચ અને ઘ કક્ષાના ૩૦ મકાનો તોડવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. વિભાગ દ્વારા આ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવાયા બાદ આગળ કામગીરી હાથ ધરાશે. જો કે હજુ વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ ટેન્ડર પ્રકીયાના અંતે જુના મકાનો તોડવાની કાર્યયોજના આગળ હાથ ધરાશે. શહેરમાં એક દાયકા પુર્વે નિકાલ હેઠળના મકાનો જાહેર કરાયા બાદ બે વર્ષ અગાઉ નિકાલ હેઠળના મકાનો મોટાભાગે તોડી નાંખવામાં આવ્યા હતા. પરંતુ દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે ભયજનક મકાનોનો તાગ મેળવી તબક્કાવાર મકાનો તોડવાનુ કામ ચાલુ રહેશે.

**ફાયરકોલ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મેં જુલાઇ અને ઓગષ્ટમાં સૌથી વધુ બચાવકોલમાં ફરજ અદા કરી છે. જેમાં ઓગષ્ટમાં ૨૪ બચાવકોલમા કામગીરી કરી છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન શહેરમાં ૨૩૬ અને જિલ્લામાં ૨૭૭ બન્દોબસ્તમાં હાજરી આપી છે. કુલ ૭૬૪ બન્દોબસ્તમાં ફરજ પુરી પાડી છે. જયારે હેલીપેડ પર ૨૨૨ અને વિધાનસભામાં ૨૯ બન્દોબસ્તમાં ફાયર બ્રિગેડની ટીમે હાજરી આપી છે.

**પડકાર...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યો હતો. કિમ જોંગે કહ્યું કે, ×અમેરિકા હવે ક્યારેય આપણા વિરૂદ્ધ જંગ શરૂ નહીં કરી શકે. કેમકે આપણાં એટમી હથિયાર તેને નેસ્તનાબૂદ કરી દેશે.× કિમે વધુમાં કહ્યું કે, ×સમગ્ર અમેરિકા આપણાં ન્યૂક્લિયર વેપન્સની રેન્જમાં છે. આ હથિયારોનું બટન હંમેશા મારા ટેબલ પર જ રહે છે. અને તે એક સત્ય વાત છે તેને ધમકી ન સમજવી જોઈએ.

કિમ જોંગ ઉને કહ્યું હતું કે, ×આપણે મોટાં પ્રમાણમાં પરમાણુ હથિયાર અને મિસાઈલ બનાવવાની છે અને ઝડપથી દેશની સુરક્ષા માટે તૈનાત કરવાની છે. સાથે જ તેને ફરી એકવખત પરમાણુ સંપન્ન રાષ્ટ્ર હોવાનો દાવો કર્યો છે. આ દરમિયાન તાનાશાહે સાઉથ કોરિયાને પણ સંદેશ આપ્યો અને કહ્યું કે, વાતચીતના રસ્તા ખુલ્લા છે અને પ્રાયદ્વીપથી સૈન્ય તણાવ ઓછું કરવું જરૂરી છે. સાઉથ કોરિયામાં ફેબ્રુઆરીમાં થવા જઈ રહેલા વિન્ટર ઓલિમ્પિક્સમા નોર્થ કોરિયાના પ્લેયર્સને મોકલવા પર કિમે કહ્યું કે, શક્યતા છે કે, બંને કોરિયાના અધિકારી જલ્દી જ મુલાકાત કરશે અને આ વિશે વિચાર કરશે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, આ આયોજન સફળ થાય. કિમે કહ્યું કે, સાઉથ કોરિયામાં વિન્ટર ઓલિમ્પિક્સ કોરિયન દેશની સ્થિતિને પ્રદર્શિત કરવાનો સારો મોકો છે.

કિમે કહ્યું કે, પ્યોંગયાંગ અને સિયોગે પોતાના સંબંધોમાં સુધાર કરવો જોઈએ. સાથે જ નોર્થ કોરિયા પરમાણુ હથિયારોનો ઉપયોગ ત્યારે જ કરશે જ્યારે તેની સુરક્ષા પર ખતરો મંડરાઈ રહ્યો હશે. ઉલ્લેખનીય છે કે, ગયા ગુરુવારે ચીન પર નિશાન સાધતા ટ્રમ્પે ટ્વિટ કર્યું હતું કે, 'આખરે સ્પષ્ટ રીતે ઝડપાઈ ગયું. આ નિરાશાજનક છે કે ચીન ઉત્તર કોરિયાને તેલ આપી રહ્યું છે. જો આવું થતું રહેશે તો ઉત્તર કોરિયાની સમસ્યાનો ઉકેલ ક્યારેય મળી શકશે નહીં.'